# મેગા-સિટી મેં મચ ગયા શોર!
## (સંવેદન સાંસ્કૃતિક કાર્યક્રમનું નાટક, સપ્ટેમ્બરઃ ૨૦૦૬)

*પાત્રોઃ ૧,૨,૩,૪(કોરસ), ૫,૬,(રેડિયો મિર્ચ), ૭,૮,૯,૧૦,(વિસ્થાપિતો-શોષિતો).

(૧)

*મંચ ઊપર ૮થી૧૦ યુવક+યુવતીનું જૂથ પ્રવેશે. જાણે કોઇ શોભયાત્રા કાઢતા હોય તેમ સૂત્રોચ્ચાર અને ધૂમચક સંગીત સાથે તાલબદ્ધ રીતે બોલશેઃ

**૧.** હે... ય અમદાવાદ! મેગાસિટી અમદાવાદ!

**૨.** અમદાવાદ! અમદાવાદ! પહેલાં હતું માંન્ચેસ્ટર!

**૩.** હવે થયું મેગાસિટી! મેગાસિટી અમદાવાદ! (સ્પોટ જોગિંગ કરે)

**૪.** મેગા મેગા મેગાસિટી! અમદાવાદ મેગા-સિટી!

*જૂથમાંથી ૫ અને ૬(એક છોકરો, એક છોકરી છૂટાં પડે- એ લોકો રેડિયો મિર્ચ-)વાળાં છે. હવે પછી એમને RM- એવા ટૂંકા ફોર્મથી ઓળખીશું.

**RM.** હે... ય! વન, ટૂ, થ્રી, ફોર
પ્રોસ્પેરિટી એટ યોર ડોર
વોટ આર યૂ વેઇટિંગ ફોર
મોર-મોર-મોર-મોર.. હમ સબ માંગે મોર!
મેગાસિટી મેં મચ ગયા શોર! કુછ હી દિનોં મેં ઇન્તઝાર કીજીયે. રેડિયો મિર્ચી ૯૧.૯૯ FM.... (ખાસ શૈલીમાં લલચરે)(ફ્રિઝ).

**૧.** હેય.... એરપોર્ટ.... એરપોર્ટ... ઇન્ટરનેશનલ એરાપોર્ટ.... સરદાર પટેલ એરપોર્ટ....

**૨.** જવા દોને! આમ તો આપણે અમદાવાદીઓ આખી દુનિયામાં ઊડાઊડ કરનારાં.

**૩.** સૌથી સમૃદ્ધ જાતિ- મહાજાતિ ગુજરાતી!

**૪.** પણ ઇન્ટરનેશનલ એરપોર્ટ મળ્યું મોડુંમોડું... ને તેય માંડ માંડ!

**૧.** સહેલાઇથી કેવી રીતે મળે? કેન્દ્રમાં ગુજરાતને સતત અન્યાય થતો રહ્યો છે.

**૨.** હા, હા, આમ જ.... મહાગુજરાત પણ મોડુંમોડું.... ને તેય માંડ માંડ!

**૩.** અને મુંબઇ તો ગુમાવી જ દીધુ. _ આમચી/તુમચીમાં!

**૪.** સો વોટ? આપણું અમદાવાદ કંઇ મુંબઇથી કમ નથી. મેગાસિટી છે!

**૧.** યેસ.... મેગામસ્ત સિટી! મેગામસ્ત બિલ્ડીગો! મેગામસ્ત સરવરો! મેગામસ્ત ગાર્ડનો! મેગા મસ્ત અન્ડરબ્રીજો.... ઓવરબ્રીજો! મેગા.... મેગા.... મેગા!

**RM.** શહેરમાં ઠેર ઠેર ભૂવા પડયા છે... રહદારીઓ અને વાહનો માટે અસલામતી! યેસ અ ભૂવા એટલે મોટા મોટા ખાડા.... જી હાં... બડે બડે ગઢ્ઢે! પેલા ડાકલા વગાડનારા ભૂવા નહી હોં કે!... રેડિયો મિર્ચી.. ૯૧.૯૯. FM....(ફ્રિઝ)

**૧.** અલ્યા.... આપના શહેરમાં બીજું બધું તો ઠીક! પણ રોડ-રસ્તા ચકાચક થઇ ગયા છે હોં! આશ્રમરોડ, સી.જી. રોડ, ૧૩૨ રિંગરોડ, સરદાર પટેલ રીંગરોડ....

**૨.** રીંગરોડ... રીંગ રોડ... રીંગા રીંગા રોડ!(જૂથ રીપીટ કરે)

૧. અને આ રોડ ઉપર... ઇન્ડિકા ને ઇનોવા, આલ્ટો ને આલ્ટ્રો, હુંડાઇને પજેરો, ક્વાલીસ ને બોલેરોની બોલબાલા.... બોલબાલા!

૩. જો જો ને તમે, આવતા પાંચેક વર્ષમાં તો ઘેરઘેર ફોરવ્હીલર આવી જવાનાં. પછી તો ઠેર ઠેર મોટરો ને ઘેરઘેર કારો!

૪. અરે, આજની તારીખમાં ટૂવ્હીલર તો માથાદીઠ આવી જ ગયા છે ને! બે... પાંચ હજારનું ડાઊન પેમેન્ટ આપી દીધું એટલે વાત પૂરી! પછીતો લોનના હપ્તા... દેખા જાયેગા!

૧. તમે નહિ માનો સાહેબ, હમણાં જ મારા સને બ્રાન્ડ ન્યું 'ગ્લેમર' લીધી. મારા બેટો કહેકે વરસદિવસ કૉલ સેન્ટરમાં જૉબ કરી લઇશ એટલે હપ્તા પૂરા!

૨. અને... મારી બેબી બારમા-માં આવી. જાત્તે જઇને એકટીવા ખરીદી આવી. ડાઉન પેમેન્ટ પણ પોતાના પોકેટ મનીમાંથી કાડયું અને પાછી કહે છે કે મહેંદી-મેકપ કરતી જઇશ ને લોનના હપ્તા ભરતી જઇશ!

૩. યેસ.... મૅગાસિટીની ન્યુ જનરેશન છે, સાહેબ! એકટીવ ને એમ્બિશ્યસ!

***<u>ચારેય</u>-*** હે.... ય મેગાસિટી! મેગાસિટી! અમદાવાદ!

(એક વ્યકિત એકદમ અટકીને/એક તરફથી ઊભો થઇને -જે રિક્ષાવાળો છે)-

***<u>રીક્ષાવાળો.</u>*** આ મારી CNG રીક્ષા માટે બેન્કમાંથી માંડ માંડ લોન મળી. છ મહિના થઇ ગયા; ઘરમાં એક ટંક ખઇને પેટ ભરીએ છીએ. એક પા મોંઘુંદાટ CNG ને બીજી પા બેન્કના હપ્તા! ઊપરથી આખા શહેરમાં રિક્ષાઓનો તો જાણે રાફડો ફાટયો છેઃ છકડા, શટલ, વિક્રમ, ખુશબુ.... રીક્ષા! સોસાયટીના નાકે પેસેન્જરની રાહ જોતાં જોતાં મારેલી માખીઓથી હપ્તા ભરીએ તો છે; હવે તો! (ફ્રીઝ)

***<u>કોરસ:</u>*** માટી માછલી નાની માછલીને ગળે એ નિયમ છે દુનિયાનો ભૂલી જવાનું.... ગળી જવાનું.... દર્દ ને તકલીફ ભુળી જવાનું ગળી જવાનું.

## (૨)

**RM.** મોર.... મોર.... મોર.... મોર.... મેગાસિટીમેં મચ ગયા શોર! મેગાસિટીમેં મેગા મોલ... મોલ.... મોલ... મોલ.... મોલ! શોપિંગ મોલ! શોપિંગ મોલ! મોલમાં માલ.... માલ માટે માલ!

૧. અલ્યા, આ મિર્ચીવાળા મોલ... મોલ... કરે છે... એ વળી શું?

૨. અરે... મોલ અટલે મોટી માર્કેટ.... બી..ગ બઝાર!

૩. જો, હું સમજાવું.... માળ... ઊપર માળ.... ને એની ઊપર માળ.... ને માળે માળે માલ... એટલે મેગા મૉલ.... (૧,૨,૩, મૉલ... મૉલ... મેગામોલનું રટણ)

**RM.** મિર્ચી સુનનેવાલો! માલ મેં લાઇન લગા લો!

**RM.** સેલ.... સેલ.... સુપર સેલ! સુપર મૉલમાં સુપર સેલ! ૧૦%, ૨૫%, ૫૦%.... અધધ ૮૦%.... ડિસ્કાઉન્ટ સાથે તદ્દન ફ્રેશ સ્ટોકમાં ફોરેન માલ!

**RM.** સેલ.... સેલ.... ઓપનિંગ સેલ.... કલીયરન્સ સેલ... સિઝનલ સેલ.... ફેસ્ટીવલ સેલ! ધમાધમ સેલ... ધૂમડાકા સેલ!

**૧.** હા, હા.... આપડા શહેરમાં ખાલી એસ.જી. રોડ ને સી.જી. રોડ પર જ નહિ; હવે તો રાયપુર, બાપુનગર, મણિનગર અને વાડજમાં પણ મૅગા મોલ!

**૨.** આ તો બઉ હારૂ-લ્યા! બઉ હારૂ! કપડાંલત્તા-રાચરચીલું-અનાજકઠોળ, અથાણાંમસાલા તો અધધ... ને આ શાકભાજી તો જુવો! કેવાં લીલાછમ....

**૩.** મમમમ.... મૅગામોલ! મૅગા મોલ!

**૧.** અહી તો આખ્ખા મઇનાની ખરીદી ચપટીકવારમાં!

**૨.** અલી ભૂંડી.... મઇનાની કયાં.... આ તો આખી જીંદગીની ખરીદી કરી લે.... જીંદગીની.

**૩.** આલેલેલે.... ભાભી! એટલાં બધાં પસ્તીપેપર, જૂનાં કપડાં, ટૂટેલાં ડોલ-ડબલા લઇને કયાં હેંડી? ને ટૂટેલા જૂના બૂટચંપલેય છેરતો.... ટોપલામાં!?

**૧.** અલી બોન.... આ મૅગામોલમાં બદધું લઇલે... ને હામે નવી આઇટેમો આલે!

**૨.** જૂના હામે નવો માલ.... મેગા મોલ! મેગા મોલ! (૧,૨,૩ ઝૂમે ને બોલે)

**(ત્યાં એક ખૂણેથી બે'ક વ્યક્તિ ઊઠીને-)**

**ક.** નખ્ખોર જજો આ મોલ મારકેટનું! જારથી ખૂલ્યા છે તારથી આપણા ધંધા તો બેઠી જ ગ્યા છે! ને પાથરણાબજારની પથારી ફરી ગઇ છે!

**ખ.** અરે, અમારા જેવા ફેરિયા ને હાથલારીવાળનુંય આઇ બન્યું છે! ને દુકાનદારોની પણ દશા બેઠી છે!

**ક.** અને નદીકિનારાવાળી ગુજરી? એને તો ગઇ ગૂજરી જ સમજવાની ને?! એક તો આ પૂરનાં પાણી.... ને બીજું આ મોલ-મારકેટ!

**<u>કોરસ.</u>** મોટી માછલી નાની માછલી ને ગળે એ નિયમ છે દુનિયાનો ભૂલી જવાનું ગળી જવાનું.... દર્દ ને તકલીફ.... ભુલી જવાનું.... ગળી જવાનું.

(૩)

**RM.** રેડિયો મિર્ચી ૯૧.૯ ધહ્મ..... મિર્ચ સુનનેવાલે.... આપકે લિયે એક ધમાકેદાર ઓફર.... મેગા મલ્ટીપ્લેકસ મેં આઇએ ઔર મેગા સ્ટાર બન જાઇએ.... જી હાં.... અહમદાબાદ કે સુપર યૂથ કે લિયે સુપર લકી ઓફર.... આપકે સેલફોન પર શહ્મશ કીજીયે.... કુછ હલ્કે ફુલ્કે સવાલો કે જવાબ ભેજીયે ઔર આપકે લકી નંબર પાકર બમ્પર ઓફર કે લિયે ફનરિપબ્લિક મેં આઇયે....

**RM.** જહાં આપકે લિયે હોંગે દો ટિકિટ્સ લેટેસ્ટ મૂવી કે; દો પિત્ઝા ઔ...ર દો સુપર સોફટ ડ્રિન્કસ!.... તો આપકે મોબાઇલ હાથ મેં લિજીયે.... શહ્મશ કીજીયે.... ૯૯૨૨૯૯૨૨... તો આપકે લિયે લક્કી સવાલ હૈ....

**RM.** યોર ટાઇમ સ્ટાટ્ર્સ નાઉ!.... મિર્ચી સુનનેવાલે....

**૧.** એ... ઇ! મિર્ચી પર સાંભળ્યું ને? મલ્ટીપ્લેકસમાં ફેશન શો છે! બોલીવુડનાં સ્ટાર્સ આવશે! આપણા સીટીના યૂથનું મોડેલીંગ માટે સિલેકશન કરશે.

**૨.** યેસ.... સવારે સિલેકશન, સાંજે રેમ્પવર્ક ને રાતે ગ્રાન્ડ પાર્ટી... ડીસ્કો... ડાન્સ!

**૩.** વા... ઉ! પણ યાર! મારે તો પપ્પાથી છૂપાવીને આવવું પડશે!

૧. અરે.... પપ્પાને બદ્ધું જ કહેવું પડે એવું થોડું છે?! કમ્મોન! નાની બેબલી છું તું? બહાનું બતાડી દેવાનું! બોલ, તને કેટલા વાગે પીક-અપ કરુ?! એક મીસ કૉલ મારી દેજે.... ઝૂંઇ! (બાઇકનો અભિનય)

૨. અરે, પપ્પાને કહી દેવાનું કે વી આર મેગાસિટી યૂથ, આફટર ઓલ! એકટીવ ને એમ્બિશિયસ....

૪. એમ્બિશિયસ ખરા.... પણ છેવટે તો 'ગુજ્જુ' જ ને? જ્યાં જઇએ ત્યાં એપ્લાય-એપ્લાય.... નો રિપ્લાય!

૧. વ્હાય?... ઝૂંઇ.... વ્હાય?

૪. અમારું ઈંગ્લીસ તમારા જેવું નહિ નેં અમારે તો બંને બાજુ પોબ્લેમ! કાં તો પેલા અનામતિયા નોકરી લઇ જાય કાં તો એસ. આઇ.

૧. અનામતિયા... યૂ મીન બી.સી.? (૪ હા માં માથું દૂણાવે) ને એસ. આઇ. મીન્સ?

૨. આઇ નો! એસ. આઇ. મીન્સ 'સાઉથ ઇન્ડિયન્સ' ને?

૪. હા. એ જ! મારા બેટા, મદ્દરાસીઓ એમના ઈંગલીસના જોરે ફાઇ જાય!

૩. અરે, એ બહારવાળાને તો વીણી વીણીને હાંકી કાઢવા જોઇએ!

૧. બહારના લોકો અહી જોઇએ જ નહિ!

૨. એ લોકો એ આપણી ગુજરાતની ઇકોનોમી ખરાબ કરી નાખી છે.

૩. એ લોકો એ ગુજરાતીઓની ને ગુજરાતની ઇમેજ ખરાબ કરી નાખી છે.

૪. ગુરરાતને બદનામ કરનારા એ લોકો ગુજરાત વિરોધી છે!

૧. વિકાસ વિરોધી છે!

૨. હા, હા, સરદાર સરોવરનો વિરોધ કોણે કર્યો?

*બાકીનાં-* બહારના લોકોએ! અંગ્રેજી છાપાંએ! બહારનાં લોકો કાઢે ને વાંચે એ-અંગ્રેજી છાપાંએ!

૨. વી વોન્ટ સરદાર સરોવર!

*બાકીનાં-* વી વોન્ટ સરદાર સરોવર! (૩)

૩. ડેમની ઊંચાઇ વધવી જોઇએ.... વધવી જ જોઇએ!

૪. ડેમની ઊંચાઇ ગુજરાતની અસ્મિતા છે.

૧. ડેમની ઊંચાઇ વધારે તો વીજળી વધારે.

૨. વીજળી વધારે તો વિકાસ વધારે.

૩. મેગાસિટીને વીજળી જોઇએ.... વિકાસ જોઇએ.

૪. વીજળી જોઇએઃ કમ્પ્યુટર માટે, સીડી માટે, ડીવીડી ને હોમ થિયેટર માટે

૧. વીજળી જોઇએઃ ફેકટરીઝ માટે, ઉદ્યોગો માટે, કોર્પોરેટ સેકટર માટે

૨. વીજળી જોઇએઃ મલ્ટીપ્લેકસ ને મેગામોલ માટે

૩. મેગાસિટીનો મેગાવિકાસ

૪. મેગા ડેમથી મેગાવિકાસ

૧. વી વોન્ટ સરદાર સરોવર.

(૩)

**RM.** મિર્ચી સુનનેવાલે.... હમણાં જ અમારા સુનિતે સમાચાર આપ્યાં છે કે એસ.જી. રોડ ઉપર બનીરહેલા નવા મલ્ટીપ્લેક્સના બાંધકામ મજૂરો જ્યારે અગિયારમા માળનું ધાબું ભરી રહેલા ત્યારે માંચડો તૂટી પડવાથી સાત મજૂરોનું ત્યાંને ત્યાં જ મૃત્ય થયું છે. જાણવા મળ્યું છે કે આ મજૂરો નર્મદકાંઠેથી વિસ્થાપિત થઇને આવેલા આદિવાસીઓ હતા!

(૪)

**૧.** મેગાસિટીના મેગાવિકાસ માટે જોઇએ.... મેગા સ્ટડી, મેગા ડિગ્રી!

**૨.** યેસ! મેં તો CAT ની એકઝામ આપી દીધી. અમેરિકા જવા માટે ફૂલ તૈયારી.

**૩.** અને મેં તો ઓસ્ટ્રેલિયા ને કેનેડામાં અડવાન્સ સ્ટડી માટેનાં ફોર્મ પણ ભરી દીધાં ને વિઝા માટે એપ્લોય પણ કરી દીધું!

**૧.** એક સાથે? બબ્બે કન્ટ્રીમાં?

**૩.** હાસ્તો. જ્યાં ચાન્સ લાગે ત્યાં! આમ પણ સ્ટડી પછી સેટલ થવાના ચાન્સ કેનેડા, ઓસ્ટ્રેલિયા ને ન્યુઝીલેન્ડમાં જ સૌથી વધારે છે ને!

**૪.** પણ તમારા જેવા એકટીવ ને એમ્બિશિયસ જુવાનો એ તો એકટીવ પોલીટીકસમાં રહીને રાષ્ટ્રનાં નવનિર્માણમાં ફાળો આપવો જોઇએ!

**૧.** છીઃ પોલિટીક્સ? ડર્ટી વર્ડ!

**૨.** યૂ નો! અમારા પેરેન્ટસ અમારી પાસે જુદી જ અપેક્ષા રાખે છે ને અમે પણ.... યૂ નો! કેરિયર ફસ્ટ! બીજું બદધું પછી!

**RM.** મિર્ચી સુનનેવાલો! આજે અમારાં સોનલ ને મોનલ તમારા એરિયામાં આવીને તમારા ઇન્ટરવ્યૂ લઇ રહ્યા છે.... યુનિવર્સિટી ઇલેકશન વિશે.... યોર ટાઇમ સ્ટાર્ટ્સ નાઉ! અં.... યંગ મેન! તમેં? પરિચય આપશો?

**૧.** હું નીરવ દેસાઇ. મણિનગરમાં રહું છું. સેકન્ડયર બી.કોમ. કરું છું. અને મક્કમપણે માનું છું કે કોલેજમાં ઇલેકશન બંધ જ થવાં જાઇએ- વિદ્યાર્થીઓએ રાજકારણમાં પડવાની જરૂર જ નથી!

**RM.** પણ આપણા દેશના બધા જ નેતાઓએ પોતે વિદ્યાર્થી હતા ત્યારેજ રાજકીય કેરિયરની શરૂઆત કરેલી.... જેમકે પંડિત નેહરૂ, રાજેન્દ્રબાબુ, ભગતસિંહ.... વેલ... ઓ. કે યંગ લેડી.... યૂ?

**૨.** હું મંદિરા ભટ્ટ... નો! બેદી નહી.... ભટ્ટ-ભટ્ટ! સોરી! નો પોલિટીક્સ પ્લીઝ! અમે ગુજરાતી-અમદાવાદી-શાંતિપ્રિય યૂથ છીએ...

**RM.** પણ ગુજરાતમાંથી તો સરદાર પટેલ, ચીમનભાઇ પટેલ, અરે, આપણા મુખ્યમંત્રી પણ શરૂઆતમાં તો વિદ્યાર્થી નેતા હતા.... તમે... યૂ... યંગ મેન?...

**૩.** નો કોમેન્ટ્સ!

**RM.** Ok. Ok.... યુનિવર્સિટી ઇલેકશન વિશે તમારા S.M.S. મિર્ચી ઉપર મોકલો અને

મેગાઇનામો જીતો! સુપર મલ્ટીપ્લેક્સમાં આ વીકની સુપર હિટ મુવીની બે ટિકિટ્સ.... ડી. દામઝનું ગીફ્ટ હેમ્પર... યોર ટાઇમ સ્ટાર્ટસ નાઉ!... મિર્ચી સુનને વાલે!

***કોરસ-*** **૧.** (કમ્પ્યૂટરવોઇસ માં) "અમદાવાદમાં એક જ વાત! ઇલેકશનને ના દો સાથ!"

**RM.** યે.... સ... સુપર શ.હ્મ.શ. ને મળે છે સુપર ઇનામ! (ઉપલું સૂત્ર રિપીટ થાય)

**RM.** મોર... મોર.... મોર.... મોર... મેગાસિટીમેં મચ ગયા શોર....

**-અમદાવા મેગા થી. મેગા સિટી અમદાવાદ**

## (૫)

આ મોલ ને મોંઘવારીએ આપણા જેવા રોજ કમાઇ ને રોજ ખાનારાની પથારી ફેરવી દીધી હવે તો જીવવું જ કેમનું સમજાતું નથી.

મોંઘવારીના કારણે શાકભાજીના ભાવ આસમાને પહોંચેલી પગલે ટામેટાં ૫૦રૂ., પરવળ ૮૦રૂ., ફણસીના ભાવ ૧૦૦રૂ. કિલો....

**૧.** ગ્રાન્ડ ભગવતીમાં આવો ને મક્કાઇનાં મહોત્સવ માણો! મક્કાઇની ખિચડી ને મક્કાઇનાં ભજીયાં! મક્કાઇનાં પત્તરવેલિયાં ને મક્કઇનો હાંડવો! ડિલીશ્યસ!

**૨.** મક્કાઇના પુડલા ને મક્કાઇનાં મુઠિયાં.... અમેરિકન મક્કાઇનો મહા મહોત્સવ.

**૩.** વાઉ.... અમેરિકન મક્કાઇ ને ગુજરાતી વાનગીઓ! વોટ આ ગ્રેટ ફયૂઝન! ધીઝ ઇઝ રીયલ ગુજરાતી ફાઅત-ફૂડ!

**૧.** આમ પણ અમેરિકા અને અમદાવાદ વચ્ચે ગ્રાન્ડ કનેકશન છે.... છે ને?

**૪.** હા... હા... જુવો ને, અ-મ-દાવાદ અને અ-મે-રિકા! આ 'અ' અને 'મ' વચ્ચે જે આંતરસંબંધ છે તે શું સૂચવે છે? વિધિનો સંકેત!

**૨.** યેસ, અમેરિકાના આર્થિક વિકાસમાં આપણો- અમદાવાદીઓનો ફાળો કંઇ ઓછો નથી!

**૪.** અલ્યા, હું તો પેલા વિધિના સંકેતમાં ભાવીને ભાળું છું કે એક શુભ મૂહુર્તમાં, નક્કી બુશ સાહેબ ગુજરાતને અમેરિકાનું એક્કાવનમું સ્ટેટ બનવાનું આમંત્રાણ આપી રહ્યા છે અને અમદાવાદ બની રહ્યું છે સ્ટેટકેપિટલ! અ-અમેરિકાનો અ, અ-અમદાવાદનો અ.... અને અ.... એક્કવનનો અ! જોયો.... જોયો... વિધિનો સંકેત?!

## (૬)

**૧.** કણાંવતી કહો મુરબ્બી! કર્ણાવતી! જ્યાં સુધી આપણામાં સ્વાભિમાન જાગૃત નહિ થાય. ત્યાં સુધી રાષ્ટ્રોદ્ધાર શકય જ નથી.... તોડ દો! ફોડ દો! કોકાકોલા છોડ દો! (કોરસ આ સૂત્ર રિપીટ કરતું, બાટલીઓ ફોડવાનો અભિનય)

**૨.** તોડ દો, ફોડ દો આવી દુકાનો તોડ દો! વેલેન્ટાઇન ડે છોડ દો! ન્યૂયર પાર્ટી છોડ દો! રોઝ ડે, બ્લેક ડે, પિંક ડે કો છોડ દો!

**૧.** નહિ ચાલે... નહિ ચાલે.... પશ્ચિમી ચાળા નહિ ચાલે! મેગાસિટી આપણી અસ્મિતા છે!

**૩.** અસ્મિતા.... અસ્મિતા.... ગુજરાતની અસ્મિતા!

૪. અસ્મિતાની જાળવણી.... મેગાસિટીની જાળવણી! મેગાસિટીનાં જુવાનિયાં... એકટીવ ને એમ્બિશિયસ!

૧. હા! અમે મેગાસિટી યૂથ છીએ.... અમારુ લોહી ઊકલી ઉઠે છે; જ્યારે હેલ્મેટ ફરજિયાત કરવામાં આવે છે!

૨. જ્યારે કાર-બેલ્ટ ફરજિયાત કરવામાં આવે છે.

૩. જ્યારે અમેરિકાના ન્યૂજર્સીમાં ગુજરાતી મહાસંમેલનની ઉજવણી માટે જનારા અનેક ગુજરાતી રાજનેતાઓ, સંસ્કારપુરુષો, કલાકારો, સાહિત્યકારો અને વિદ્વાનોને વિઝા આપવામાં નથી આવતો; ત્યારે પાંચો પાંચ કરોડ ગુજરાતીઓનું લોહી ઉકળી ઉઠે છે.

**RM.** મિર્ચી સુનનેવાલે! એક ખાસ સમાચાર.... અચાનક કલ શામકો, નેધરલેન્ડ કે શહર આર્મ્સ્ટર્ડામ મેં એક હવાઇજહાજ કો રોક કર, ઉલમેં બૈઠે બારહ ભારતીય નાગરિકોંકી જાંચપડતાલ કી ગઇ! જાણવા મળ્યું છે કે આ ઉતારૂઓ ભારતીય મુસ્લિમો હતા.

---***---

૧. મેગાસિટીના યુવાનોનું લોહી ઉકળી ઉઠે છે જ્યારે આમિરખાન નર્મદા વિરોદીઓ જોડે જઇ બેસે છે!

૨. આમિરખાનની ફિલ્મ ‘ફના’ રિલીઝ ના થાય તે માટે તો અમે ફના પણ થઇ જઇએ છીએ!

૩. અસ્મિતાની જાળવણી માટે અમે ઉત્સવો ને મહોત્સવો ઊજવીએ છી એ!

૧. વા.... ઉ! વાયબ્રાન્ટ નવરાત્રિ મહોત્સવ આવી જ રહ્યો છે!

૨. યેસ! વાયબ્રાન્ટ ઉત્સવમાં રાસ-ગરબા-ડાયરા.... વેરાયટી શો!

૧. વાઉ! વાઉ વેરાયટી શો! ણર્તમાટે મણ-મણ- વેરાયટી શો.... વાયબ્રાન્ટ શો!

## (૭)

?. સોએ સો ટકા સાચી વાત આ જુઓને અમેરિકાથી આપણા એન. આર. આઇ. અને એન આરજી ઓપરેશન કરાવવા અમદાવાદ જ દોડી આવે છે ને?

૪. હાસ્તો, હવે તો માર્કેટ ટૂરિઝમનું પણ જબરજસ્ત આકર્ષણ છે ને? આપણા NRI અમદાવાદમાં આવશે. આ આપણી સાલ ને સ્ટર્લિંગ, સામવેદ ને એપોલો જેવી જબરજસ્ત હોસ્પિટલો એમને જ માટે તલ તલ તડપી રહી છે ને!

૨. યેસ, આ NRI અમદાવાદમાં આવશે ને આ ભવ્ય હોસ્પિટલો માં બાયપાસ કરાવશે, મોતિયા ઉતરાવશે, આયુરવેદિક ટ્રીટમેન્ટ પણ લેશે.... ટોટ્ટલ હર્બલ!

૧. અને.... સાજાંમાજા થઇને ગરબે ઘૂમશે, દાંડિયા રમશે, ડાયરામાં ઝૂમશે ને રિ-મિકસોમાં રૂમઝૂમશે!

૩. ગરબે રે.... ઘૂમવાને આવ્યા! (એ મુજબ અભિનય કરશે)

૧. આશાભર્યાં તે અમે આવીયાં ને મારે વ્હાલે રમાડયા રાસ રે.... (એ મુજબ અભિનય કરશે)

૨. અરે! આ વખ્તે લો ગાર્ડનની બજારો જોજોને... NRG ને ન્યાલ કરી દેશે ને માલામાલ

થઇ જશે! કાઠિયાવાડીઓ કમ્માલનું કમાઇ લેશે!

**RM.** સાબરમતીના કિનારે રહેતા ૧૦હજાર થી વધુ પરિવારો ઘરબારવિહોણા થઇ ગયાં છે. માત્ર ઘરબાર જ નહિ, ઘરનો સામાન જ નહિ પણ હાથલારીઓ ગલ્લા, સિલાઇ મશીનો, રિક્ષાઓ.... જેવાં રોજરોટીનાં સાધનો સાથે એમને ઘર છોડવું પડયું છે. આજ કાલ એલિસબ્રિજ, નેહરૂબ્રિજ, ગાંધીબ્રીજ અને સરદારબ્રીજની ફૂટપાથો પર ખુલ્લામાં વસવાટ કરી રહેલાં શ્રમજીવીઓ મેલેરિયા, ઝાડાઉલ્ટી, ચિકનગુન્યા જેવા ભેદી અને ચેપી રોગોનો શિકાર બની રહ્યાં છે.

**RM.** હોસ્પિટલોમાં જગ્યા નથી. નર્સિંગહોમ આગળ કતારો લાગી છે. દવાબજારમાં દવાઓના ભાવ આસમાને ચડયા છે!

***<u>કોરસ</u>***- ભૂલી જવાનું.... ગળી જવાનું.... દર્દ ને તકલીફ ભૂલી જવાનું.... ગળી જવાનું!
જેમ મોટી માછલી નાની માછલીને ને નાની વળી એનાથી નાનીને ગળે તેમ. ગળી જવાનું.... ભૂલી જવાનું!

૧. આપણે તો બસ, એટલીસ્ટ, આવતા વર્ષે.... રિવરફ્રન્ટ, રિવરફ્રન્ટ!

૪. અરે.... જોજોને- વરસ દહાડામાં જ ધમધમતો થઇ જશે રિવરફ્રન્ટ.... કાદવમાથી.... કમળની જેમ!

૨. રિવરફ્રન્ટ પર જોગીગરોડ.... જાણે.... જુવાનીનો જાદૂ! (અભિનય)

૩. રિવરફ્રન્ટ પજ મલ્ટીપ્લેકસ.... જાણે મનોરંજનનો મહેરામણ! (,, ,,)

૪. રિવરફ્રન્ટ પજ લાફિંગકલબ.... સીનિયર સિટીઝનોનું સ્વર્ગ! (,, ,,)

૧. રિવરફ્રન્ટ પર બોટકલબ.... નૌકા હરીફાઇ.... નૌકા હરીફાઇ (,, ,,)

૨. રિવરફ્રન્ટ પજ સ્વીમીગકલબ.... તરણસ્પર્ધા.... તરણસ્પર્ધા (,, ,,)

ક- હાં.... આપ ખૂબ તૈરેંગે પર હમકો તો જરા દિયા ના?! પહલે લૂટા-ખસૌટા ફિર જલાયા-સુલગાયા, ફિર કાટા-મારા.... ઔર બાકી બચે.... સો ખદેડે ગયે. કયા યે મેગાસિટી હમારે વાસ્તે નહી હૈ?!

ખ- અને અમે.... અમદાવાદના હાથ-પગ! ધૂળ-ધૂમાડો ને લોઢાંના ખાનારાં! પૂર્વ અમદાવાદનાં કામદારો-કારીગરો.... શું અમે પસીનાના ટીપે ટીપે ઊગાડેલું આ શહેર અમારે માટે નથી?

ગ. અને અમે.... આ જેવી છે તેવી, સાબરમતિના ભાઠાંમાં શાકભાજી-ફળ-મસાલા ઊગાંડીને વેચી, પેટ ભરનારાં માંડ જીવતાં બચ્યા છીએ, એમને માટે તમારા પેટનું પાણી હાલે છે કે નહિ? અમારો કઇ વિચાર કર્યો?

***<u>કોરસ</u>***- ભૂલી જવાનું.... ગળી જવાનું.... તકલીફ ને દર્દને ગળી જવાનું.... શ્રદ્ધાભકિતના માર્ગે વળી જવાનું!

## (૮)

(કોરસ હવે વારાફરતી એકેકી ધાર્મિક શોભાયાત્રા કાઢશે- એક છેડેથી બીજે છેડે એક ધર્મનું સૂત્ર બોલાવે.... છેડે પહોંચ્યા પછી બીજાધર્મનું સૂત્ર બોલવતાં પાછાં વળે)

-જય રણછોડ.... માકણ ચોર.... જય રણછોડ.... મિયાં ચોર!

-મંદિરમાં કોણ છે.... રાજા રણછોડ છે.... મંદિરમાં કોણ છે.... ભાજપનું જોર છે!
-બોલ મારી અંબે.... જય જય અંબે.... બોલ મારી અંબે.... રાજ ચાલે ડંડે!
-રણજાના રાજા.... રાણી નેતલના ભરથાર.... પેલા મિંયાઓને માર... મારો હેલો....
-સ્વામીનારાયણ.... સ્વામીનારાયણ....
-પરમપિતા હે અમારા....
ગણપતિ બાપ્પા મોરિયા.... (ટોળામાં એક વ્યકિત અટકી ને ઉભીથાય)

**૧.** હે.... મારા ઉપર શહ્મશ આવ્યો! (મોબાઇલ તરફ પછી જોતો રહે)
મણીનગરના મંદિરોમાં ગણપતિ દૂધ પીએ છે. (એની જેમ જ બીજા પણ... કરે)

-. બાપુનગરમાં, પ્રેમચંદનગરમાં, ભીમજીપુરામાં, સાબરમતીમાં, રાણીપમાં....

-. રાયપુર, ખાડિયા, રાયખડમાં....

- ધના સુથારની પોળમાં, બઉચરજીની પોળમાં, દડેકાની પોળમાં, રૂંઘનાથ બમની પોળમાં પણ.... (ગણગણાટ, પછી ઘોંઘટ, પછી ગોકીરો) પાડાપોળમાં ને જિસકલાંજી પોળમાંયે....

**૪.** હે.... ગણપતિએ મને સપનામાં આવ્યા અને કાનમાં કીધું કે.... (એક પછી બીજાને. બીજો ત્રીજોને, એમ છેક સુધી આ સંદેશો પહોંચાડતા હોય તેમ.... અને પછી તરત.... બધાંની મુદ્રા બદલાય જાણે કંઇક વેચવા નીકળ્યા હોય તેમ જુદી જુદી રીતે)

**(વારાફરતી દરેક પાસે એક એક વાકય બોલવાય)**

- વેચવાનું છે.... વેચવાનું છે! મેગાસિટી વેચવાનું છે.
- ખાસ NRI માટે.... ખાસમખાસ NRG માટે....
- સ્પેશ્યલ આઇટમ- સ્પેશ્યલ ભાવે....
- અમદાવાદ.... વાયબ્રાન્ટ મેગાસિટી....
- કર્ણાવતી કહો.... કર્ણાવતી....
- વાયબ્રાન્ટ વેપારધંધા
- વાયબ્રાન્ટ મનોરંજન
- વાયબ્રન્ટ નાટકો
- વાયબ્રાન્ટ સાહિત્ય.... સ્પેશ્યલ એકસ્પોર્ટ ક્વોલીટી....
- મેગાસિટી ફોર સેલ.... સેલ.... સુપરડુપર સેલ!

**(બૂમબરાડા- વ્યર્થ ફાંફાં- એકસામટો ઘોંઘાટ)**

**RM.** મિર્ચી સુનનેવાલે.... જરા ધ્યાન લગાલે.... ટેન્શન નઇ લેનેકા.... ક્યા?
ખાનેકા, પીનેકા, મસ્તી સે જીનેકા, મિર્ચી મેં વિજ્ઞાપન દેનેકા.... ક્યા?
મિર્ચી મેં એડ દો.... મેગાસિટી બેચ દો! નાચનેકા, ગાનેકા, દાંડિયારાસ ખેલનેકા.... ટેન્શન નઇ લેનેકા.... ક્યા? અરે! મૈં હૂં ના?!

**(ત્યાં જ ટોળામાંથી- એકદમ, એક વ્યક્તિ, જાણે બધાનું ધ્યાન દોરતો હોય તેમ- ભૂમ પાડીને)**

**૪.** એ.... જુવો.... મેગામોલની દિવાલ ઉપર ગણપતિ! જોયા?

**(બધા એ દિશામાં આંગળી કરી ઊભા)**

**(પછી મેગાસિટીની આરતી)**

* * * *સમાપ્તી * * * *